जागर्तु कोऽपि वसुधावलयेऽनसूयः
सन्मार्मिकः, प्रयतनं हि यदर्थमेतत् ।।
આ પૃથ્વીના પટલ પર કોઈક સન્માર્મિક આત્મા આ લખાણોથી જાગૃત થશે, તે માટેના આ પ્રયાસો છે.

# વિનિયોગ સમાચાર

માસિક

Vol.: 18 • Issue No. : 3 • Pages : 8 MUMBAI • 1st March - 2020 Price Rs.10/- Annual Subscription Price : Rs . 101/-

## નવા બંધારણની રચના શા માટે ?

**આખું નવું બંધારણ ચાર પુરુષાર્થની સંસ્કૃતિના જીવનધોરણને પલટાવી નાખવાના ઉદ્દેશથી બ્રિટિશરોએ ઘડાવી લીધું છે.**

નવું બંધારણ દેશના ઉદયની દૃષ્ટિથી અને બહારથી આવનાર શ્વેત પ્રજાના હિતની દૃષ્ટિથી રચાવાયું છે. તે તેમને માટે જરૂર આશીર્વાદ સમાન છે, અને તેઓની દૃષ્ટિથી પ્રશંસાપાત્ર તથા પ્રગતિશીલ પણ છે. પરંતુ હિંદુ પ્રજાના હિતોના રક્ષણની દૃષ્ટિથી ઘણું વિચારવા જેવું છે.

ભારતમાં હિંદુ પ્રજાજનોના હજારો સ્વતંત્ર હિતો હોઈ શકે છે. પરંતુ મૂળભૂત હક્કોને નામે સ્થાનિક પ્રજાના અમુક મર્યાદિત હક્કો જ નવા બંધારણમાં રખાયેલા છે. તેનો બીજો અર્થ એ થાય છે કે ''બાકીના જે પણ હક્કો હોય, તો તે સર્વને રદ ગણવામાં આવેલા છે.'' જે જે હિંદુઓ બંધારણના એ કબૂલ રખાયેલાં નવાં હિતોથી રાચે છે, મલકાય છે, ખુશી થાય છે, અને એ રીતે બંધારણ તરફ વફાદારીની મમતા રાખે છે, તેઓ બાકીનાં હિતો રદ કરવામાં સમ્મત છે, અને એ રીતે તેઓ પોતાના જાતભાઈઓ તથા દેશ ભાઈઓનાં હિતોની વિરુદ્ધમાં છે એમ નક્કી થઈ જાય છે. પોતાના જાતભાઈઓનાં ઘણાં હિતો રદ કરાવે તે જાતભાઈઓને હિતસ્વી શી રીતે ગણી શકાય?

જોકે, તે ભાઈઓનો તેવો આશય ન હોવા છતાં, વિદેશીઓએ દોરી આપેલી હિંદુઓનાં હિતોની મર્યાદા સ્વીકારવામાં પોતે ઠગાયા છે, અને પોતાની જ જાત ઉપર પણ અન્યાય કરી રહ્યા છે. તેટલું જ નહીં, આખી હિંદુ પ્રજાને તથા સમગ્ર રંગીન પ્રજાને પણ અન્યાયના ભોગ બનાવરાવે છે. વિદેશોમાં તેઓની મહત્તા અને પ્રશંસાનું મુખ્ય કારણ આ છે.

સૌથી પહેલાં તો એ સમજવાનું છે કે ભારતની પ્રજાને નવા બંધારણની જરૂર જ નહોતી. આજે પણ નથી. પારંપરિક બંધારણ ને તેના કાયદા હિંદુ પ્રજા પાસે છે. તેમાં માત્ર જરૂર હોય ત્યાં ઠીકઠાક કરવા જેવું છે.

નવું બંધારણ કરવાની જરૂર ન હતી. નવા બંધારણની રચના પણ વિદેશીઓએ પરદેશી બંધારણોના આધારે કરી છે. અને આ દેશના કાયદાશાસ્ત્રીઓની સહાનુભૂતિથી નવું બંધારણ ઘડાવી લેવામાં આવેલું છે. ખરી રીતે બંધારણનું આમુખ નીચે મુજબ હોવું જોઈએ.

**''માનવજાતને માટે ધર્મ - અર્થ - કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થની અહિંસક સંસ્કૃતિનું આદર્શ જીવન છે અને જેમ બને તેમ એ આદર્શ ટકાવી રાખવો'' આવો ટૂંકો ઉદ્દેશ બરાબર છે.**

તેને બદલે નીચે પ્રમાણે લાંબો, સંદિગ્ધ અને ભુલાવો ખવડાવનારો ઉદ્દેશ લખવામાં આવેલો છે -

**ભારતનું સંવિધાન**

**આમુખઃ** અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો તથા તેના સર્વ નાગરિકોનેઃ

સામાજિક, આર્થિક અને રાજકીય **ન્યાય,**

વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, ધર્મ અને ઉપાસનાની **સ્વતંત્રતા,**

દરજ્જા અને તકની **સમાનતા**

પ્રાપ્ત થાય તેમ કરવાનો, અને તેઓ સર્વમાં વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી **બંધુતા**

વિકસાવવાનો ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાનસભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ આથી આ સંવિધાન અપનાવી તેને અધિનિયમિત કરી અમને પોતાને અર્પિત કરીએ છીએ. (ગુજરાતી ભાષાંતરઃ 'ભારતનું સંવિધાન'માંથી)

પ્રજાને નામે આ પ્રતિજ્ઞા પસાર કરાયેલી છે. તેના ઉપર ૨૬-૧૧-'૪૯ની તારીખ છે.

ભારતની પ્રજા કે તેના રીતસરના પ્રતિનિધિઓ એકત્ર થયાની કોઈ તારીખ કે સ્થળ જાણવામાં નથી, કે જ્યાં અમુક સ્થળે કે અમુક દિવસે આ જાતનું જીવન જોઈએ એવો નિર્ણય લેવાયો હોય.

હા, બ્રિટિશ સરકારે એવી ઘટના કરી છે કે જેને પરિણામે એ બંધારણ, તેનો અમલ વગેરે શરૂ થયાં છે અને તે સમગ્ર પ્રજાને નામે થયાં હોવાનું કહેવામાં આવે છે. સામાન્ય રીતે પણ પૂરી કહી શકાય તેવી ચૂંટણી ૧૯૫૨માં થઈ છે. તેમાં પણ મતદાર ગણાતા સીમિત સમૂહમાંથી ખૂબ જ ઓછા લોકોએ મત આપ્યો છે. તો પછી સન ૧૯૪૯માં બધા નાગરિકોનું રીતસરનું પ્રતિનિધિત્વ શી રીતે આવી જાય? તથા બંધારણ ઘડવામાં પણ બધા નાગરિકોનું પ્રતિનિધિપણું શી રીતે આવી શકે? આજે જે રીતે પ્રતિનિધિપણું ગણાય છે તે ન્યાયસરનું છે કે નહીં? તે પ્રશ્ન તદ્દન જુદો જ છે.

પ્રજાના રીતસરના આગેવાનો, ધર્મગુરુઓ, મહાજનના અગ્રેસરો, રાજાઓ, સામાજિક આગેવાનો, આર્થિક ધંધાદારી આગેવાનો અને રીતસરના પ્રતિનિધિઓ જુદા જ છે. તેને દૂર રખાવવા ખ્રિસ્તી ધર્મગુરુની સ્થાપેલી કૉંગ્રેસના હાથમાં સત્તા મુકાવવા માટે બીજી રીતે પ્રતિનિધિઓ મેળવી બંધારણ પરદેશીઓએ ઘડાવી લીધું છે. આ સાચી હકીકત છે.

તેથી હિંદુ પ્રજાને આ બંધારણ સાથે સાથે ન્યાયસર - કાયદેસર - રીતસર શી રીતે લાગેવળગે? છતાં હિંદુ પ્રજાનો શિક્ષિત ગણાતો મોટો ભાગ એ ભ્રમણામાંથી બહાર નીકળી શકયો નથી.

આ સ્થિતિમાં હિંદુ પ્રજાનાં આ દેશમાંનાં મૂળભૂત હિતોની રક્ષાની શી આશા રખાય? આ મોટામાં મોટો વિકટ પ્રશ્ન છે.

જ્યારે બહુમત ધરાવતી હિંદુ પ્રજાની પોતાના દેશમાં જ આ સ્થિતિ છે, તો બીજી રંગીન પ્રજાઓની તો પોતપોતાના દેશોમાં વાસ્તવિક રીતે વિદેશીઓએ શી સ્થિતિ રાખી હશે?

ચર્ચ સંસ્થાની દોરવણી પ્રમાણે તે તે દેશની રંગીન પ્રજા માટે શ્વેત પ્રજાએ ઊભાં કરેલાં ચોકઠાંને તેમના ગળામાં ઘાલીને દરેકે ફરવાનું હોય છે. અને સ્વરાજ્ય, સ્વતંત્રતા તથા લોકશાસનનાં ગાણાં ગાવા સિવાય બીજું શું હોય છે? અને શ્વેત પ્રજાજનોને પ્રશંસાનાં પુષ્પો વેરી ખોટી રીતે રાજી થયા સિવાય બીજું શું હોય છે?

નવા બંધારણ માટે ૧૯૩૫નો હિંદ ધારાનો ખરડો બ્રિટિશરોએ તૈયાર રાખ્યો હતો. તથા ૪૫૦ વર્ષો દરમિયાન મેળવેલી બીજી સામગ્રીનાં લિસ્ટો અને માહિતીઓ તૈયાર રાખ્યાં હતાં. અમેરિકા, આયર્લેન્ડ વગેરેનાં બંધારણો તૈયાર રાખ્યાં હતાં. ઉપરાંત નવી યોજનાઓના તથા ઈન્ડિયા ઑફિસે તૈયાર કરેલી ઘણી બાબતોના કાચા ખરડા તૈયાર રાખ્યા હતા. ઉપરાંત ભારત સરકારનાં ઘણાં ખાતાંનાં ચાલુ દફતરોમાં ભવિષ્યમાં કરવાની ઘણી ભાવિ ગોઠવણોના ખરડા તૈયાર રખાયા હતા. જેને આધારે તેમના લોખંડી ચોકઠાનો વહીવટ કૉંગ્રેસના નેતાઓ વગેરે આગળ ચલાવે છે, ચલાવી રહ્યા છે. એ સિવાય બીજું શું છે? તેમાં સલાહ બહારથી લેવાય છે. કરનું માળખું ઘડવા માટે મિ. કાલ્ડોર એક વર્ષ ભારતમાં રોકાયા હતા.

ધારાસભાઓમાં ધમાચકડી કરવાના શોખીન વકીલો વગેરેને આ જાળ સમજાતી નથી. ન સમજાય એ સ્વાભાવિક છે. કેમ કે ભારતની પ્રજાના હિતચિંતકો અને વિશ્વવત્સલ મહાપુરુષોના સાચા પ્રતિનિધિઓને દૂર રાખી વર્તમાન વકીલો વગેરે શિક્ષિતોને બનાવટી રીતે પ્રજાના પ્રતિનિધિઓ તરીકે ગણાવીને, પોતાને મનફાવતું નવું બંધારણ બ્રિટિશરોએ ઘડાવી લીધું છે. એ પાર્ટી એવી ખૂબીથી આગળની હરોળમાં ગોઠવાઈ ગઈ છે કે જે બીજા હિતસ્વી વર્ગને આગળ આવવા જ ન દે, અને દર પાંચ વર્ષે તેનું જ પુનરાવર્તન થયા કરે.

ત્યારે સાંસ્કૃતિક બંધારણ સર્વ પ્રજાના હિતની દૃષ્ટિથી પહેલેથી જ ચાલ્યું આવે છે. તેમાં નવા આદર્શોનો પ્રવેશ કરાવીને આજે પ્રજાના જીવનમાં બંનેયનો મિશ્ર અમલ ચાલુ રખાવાય છે. એકનાં ચક્રો જમણીથી ડાબી બાજુ તરફ ફરે છે, ત્યારે બીજાનાં ચક્રો ડાબી બાજુથી જમણી બાજુ તરફ ફરે છે. બંનેય એકબીજાના સમન્વયમાં નથી, પરંતુ પરસ્પરની સ્પર્ધામાં છે.

એટલે બેમાંથી જે વખતે અને જે વ્યક્તિઓમાં જેનું જોર હોય, તે વખતે તે સામા પક્ષના ચક્રનાં દાંતા ભાંગી નાખી તેને બૂઠું બનાવી શકે તેવી ગોઠવણ છે. પરંતુ મોટે ભાગે નવસર્જનનું ચક્ર આજે વધારે જોરદાર બનાવાયેલું છે, જે સાંસ્કૃતિક જીવનને નષ્ટ કરવા માટે શરૂ કરાયેલું છે. તેને તેજીમાં ચલાવવામાં આવે છે. એ નવા ચક્રની પાછળ ચર્ચ સંસ્થા, શ્વેત પ્રજા, તેની સત્તાઓ, ધર્મ, સંપત્તિઓ, વિજ્ઞાન - યંત્રવાદ, બૌદ્ધિક તથા આર્થિક લાગવગ અને અણુબૉમ્બ વગેરે ભયંકર શસ્ત્રના બળો જોડાયેલાં છે, જે દિવસે ને દિવસે મજબૂત અને ગતિમાન કરાતાં રહે છે. ત્યારે સાંસ્કૃતિક ચક્કરની પાછળ રંગીન પ્રજાનું પુણ્ય, પ્રાચીન વિશ્વવત્સલ મહાપુરુષોનાં તપોબળ, આ ભૂમિમાં થયેલા મહાપુરુષોની ઉત્તમ પ્રેરણાના રજકણો, તથા જીવનમાં વારસામાં મળેલાં કેટલાંક સાંસ્કૃતિક જીવનધોરણોનાં બળો કામ કરી રહેલાં છે.

નવસર્જન માટે ભારતની હિંદુ પ્રજાના સુધારક વિચારના ક્રાંતિકારી લોકોનાં બનાવેલાં માધ્યમો કામ કરી રહ્યાં છે - રહેલાં છે. સાંસ્કૃતિક બળોને ઘસારો પહોંચાડી પ્રાગતિક બળોમાં સહાયક થાય તેવી રીતે ચર્ચ સંસ્થાના સંચાલકોએ ગૂઢ રીતે તે માધ્યમો ગોઠવી લીધેલાં છે. જેથી હિંદુઓ કદી એક વિચાર ઉપર આવી શકે નહીં, અને સ્વહિતના સાચા માર્ગ ઉપર આવી શકે નહીં. મજબૂત લોખંડી ફાડો વચ્ચે ભીંસાય તેવી પોતાના ભાઈઓની દશા કરેલી છે. આ મતભેદ હિંદુ પ્રજાને એક વિચાર ઉપર આવવા દઈ એકસંપીમાં આવવા દે તેમ નથી. છતાં તેના દોષનો ટોપલો નખાય છે હિંદમાંના જાતિભેદો અને ધર્મભેદો ઉપર. સંસ્કૃતિમાં સર્વ એકમત છે, પરંતુ મોટો ભેદ પાડનાર છે આધુનિક બંધારણ અને તેના આદર્શો. સંસ્કૃતિના આદર્શો અને પ્રગતિના આદર્શોનો મેળ શી રીતે થાય? માટે પ્રગતિના આદર્શો પ્રજાની એકસંપીમાં મુખ્ય બાધક બળ છે.

હિંદુ પ્રજા પોતાને માટે નહીં પણ વિશ્વના ભલા માટે જીવતી આવી છે, અને જીવવા મથે છે. તેના સંતો એ બાબતના મોટામાં મોટા પુરાવા રૂપ છે.

પ્રજાના જીવનમાં સાંસ્કૃતિક બળો આજે પણ શી રીતે કામ કરી રહ્યાં છે? તથા તેને નાબૂદ કરવા શી શી ગોઠવણો કરવામાં આવી છે? આટલા આટલા અસાધારણ ઘણના ઘા છતાં જે પ્રજા કેટલેક અંશે પોતાના સ્વરૂપમાં હજુ ટકી રહી છે, તેનું આંતરિક બળ કેટલું હશે? તે બાબત સ્વતંત્ર નિબંધ લખવાનો રહેશે.

**- સ્વ. પંડિત પ્રભુદાસ બેચરદાસ પારેખ**

*(આધાર : સાવધાન - તા. ૨૪, ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૦-૪-'૬૫ અને ૧-૫-૧૯૬૫)*

# બંધારણ થકી ભારતીય પ્રજા સાથે થયેલી છેતરપિંડી



ભારતના બંધારણ અંગે અવારનવાર વિરોધ અને વિવાદ થઈ રહ્યા છે. ફરી ફરીને પ્રશ્ન એ જ આવે છે કે ભારતની પ્રજાએ બંધારણ માંગ્યું હતું ખરું ? ૧૯૫૦માં નિરક્ષરતા ખાસ્સા એવા પ્રમાણમાં હતી તે વખતે અંગ્રેજી ભાષાનું બંધારણ કોના માટે છે ?

આજે પણ સમગ્ર ભારતમાં માત્ર ૧૧ ટકા નાગરિકો અંગ્રેજી ભાષા સમજી શકે છે. તેમના માટે આ આયાત કરવામાં આવેલું બંધારણ ઉપયોગી છે ખરું ? ચૂંટણી ગાજી રહી છે તે વખતે બુદ્ધિશાળી નાગરિકોએ બંધારણની પૂર્વભૂમિકાને પણ સમજવાની જરૂર છે.

બંધારણને ઘડવા માટે જે બંધારણસભા હતી તેને બંધારણ ઘડવાનો અધિકાર કોણે આપ્યો હતો ? બંધારણસભાના સભ્યો કોઈ ચૂંટાયેલા નહોતા. દસ લાખની પ્રજાદીઠ એક પ્રતિનિધિ બંધારણસભામાં હતો તે કેવળ નામ પૂરતી જ વાત હતી. બંધારણસભાની રચના જ કોમી ભેદભાવવાળી હતી તેનો ઈનકાર કોઈ કરી શકશે ?

વર્તમાન બંધારણમાં સંસ્કૃતિ - રીતરિવાજ - સમાજ રચના - ભારતની પ્રાકૃતિક જાતિ વ્યવસ્થા - વ્યાપાર - ઉદ્યોગ - ખેતી - કલા કારીગરી વગેરે માટે શું જોગવાઈ છે ? આથી ઊલટું આ તમામ આધારશિલા નાશ પામે તેવી છૂપી વ્યવસ્થા આ બંધારણમાં છે.

એક જ દાખલો લઈએ કે શિક્ષણ પ્રાચીન. ભારતનું શિક્ષણ મૂલ્ય વ્યવસ્થાને મજબૂત બનાવતું હતું, જ્યારે હાલનું શિક્ષણ ભ્રષ્ટાચાર અને ગેરરીતિ વધારવા માટે જવાબદાર છે. કારણ કે તેની દિશા જ ખોટી છે. બંધારણમાં બિનસાંપ્રદાયિક શિક્ષણની જોગવાઈ થકી સમગ્ર સમાજને ભ્રષ્ટ બનાવ્યો છે.

**અંદાજે ૫૦-૫૧ વર્ષ પહેલા પંડિત પ્રભુદાસ બેચરદાસ પારેખે નવા બંધારણના ભયાનક પરિણામો આવશે તેવી ચેતવણી આપતો એક લેખ લખ્યો હતો તે આજે અક્ષરશઃ સત્ય પુરવાર થયો છે. પાંચ દસકાના અનુભવ પછી આપણે ક્યાં છીએ તે વિચારવાની જરૂર છે.**

આજે રાષ્ટ્રના જાહેરજીવન - સમાજજીવન - વહીવટ - શિક્ષણ - વ્યાપાર વગેરે તમામમાં સંસ્કૃતિની અથડામણ થઈ રહી છે. આથી દેશભરમાં કલહ જોવા મળે છે. રાજકીય, સામાજિક અને નૈતિક ઘર્ષણ ઠેર ઠેર અનુભવવામાં આવી રહ્યું છે.

બંધારણથી માત્ર સત્તાનું જ હસ્તાંતર થયું નથી, પરંતુ સંસ્કૃતિનો ફેરબદલો થયો છે. આપણું બંધારણ એ આયાતી છે. તેમાં મગજ બ્રિટનથી આયાત થયું છે, હૃદય અમેરિકાનું છે અને ફેફસા ફ્રાન્સના છે તો લિવર આયર્લેન્ડનું છે!!

બ્રિટને ભારતને સ્વતંત્રતા આપી તે કોઈ ભેટ નહોતી - બલકે તેની સ્થિતિ સધ્ધર કરવાની એક ચાલ હતી. બ્રિટિશ પ્રજાએ જગતને કોઈ જ ચીજ મફતમાં આપી નથી તેની પાછળ તેની ચોક્કસ ગણતરી હતી. સંસ્કૃતિ અને અધ્યાત્મવાદને કચડી નાખીને પશ્ચિમી રાષ્ટ્રો સમગ્ર આર્ય પ્રજાને ખતમ કરવા માગે છે કે જેમાં દરેક ભારતીય નાગરિકનો સમાવેશ થાય છે - પછી તે ગમે તે પ્રદેશનો હોય કે ગમે તે ધર્મ પાળતો હોય.

પ્રાચીન સંસ્કૃતિ અને મૂલ્યો ધરાવતું ભારત માત્ર ૫૦ જ વર્ષમાં ઠેકાણે થઈ ગયું છે તે જ બાબત તેનો પુરાવો છે. આવા બંધારણને જેમ બને તેમ જલદીથી તિલાંજલિ આપવી અને લોખંડી હથોડા વડે ટુકડા કરવા તે એક જ ઉપાય છે.

**(સાભાર : તંત્રી લેખ, મુંબઈ સમાચાર, તા.૨૦-૦૬-૧૯૯૯)**

## વિનિયોગ સમાચારના વાચકોને વિનમ્ર વિનંતી

વિનિયોગ સમાચાર ૧૫ વર્ષથી પ્રકાશિત થઈ રહ્યું છે અને આપને નિયમિત મોકલાય છે. વર્તમાનમાં વિનિયોગ સમાચારનું મેઇલિંગ લિસ્ટ લગભગ ૭ હજાર જેટલું છે. જો કોઈ કારણસર વિનિયોગ સમાચાર આપને મળતું હોય પણ આપ વાંચી શકતા ન હો અથવા આપને વિનિયોગ સમાચારમાં રસ ન હોય તો આપને એ ન મોકલવા માટે અમને જાણ કરશો તો આપના આભારી રહીશું.

એક પોસ્ટકાર્ડ દ્વારા નામ અને એડ્રેસ લખી અમને જાણ કરશો. આપ અમને ફોન અથવા Email પણ કરી શકશો. ફોન અથવા Email કરતી વેળા આપનું નામ અને સરનામું જણાવશો.

**વિનિયોગ પરિવાર ટ્રસ્ટ**

બી/૨, ૧૦૪ વૈભવ, જાંબલી ગલી, બોરીવલી (વેસ્ટ), મુંબઈ–૪૦૦૦૯૨

સંપર્ક : શ્રી દિનેશભાઈ મહેતા ફોન : 28980749 - Email : vinyogparivar@gmail.com

# રેવા, રેવા, રેવા ઓ માતા! નમો નર્મદા રેવા

મા રેવાને બંને કિનારે વસેલાં અદ્‌ભુત સુંદર ગામોમાં વસતી બહેનો છેલ્લા એક મહિનાથી મા નર્મદાનાં આ ભજનો ગાતી ગામોમાં ફરી રહી છે, માથે આવેલી આફતને દિલમાં ધરબીને શાંતિપૂર્વક છતાં દૃઢ નિર્ધારથી ઠંડી શક્તિનાં દર્શન કરાવી રહી છે.

આજે જ્યારે નાગરિકતાની ચર્ચા તેની ચરમસીમાએ પહોંચી રહી છે ત્યારે દેશના મૂળ નિવાસીઓના નાગરિક તરીકેના મૂળભૂત અધિકારો જોખમમાં મુકાયેલા નજરે પડી રહ્યા છે. ૧લી જાન્યુઆરીના ભૂમિપુત્રમાં આપણે જોયું તેમ ગુજરાત સરકારે ૧૧ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી (એસઓયુ) વિસ્તાર અને પ્રવાસન નિયમન વિધેયક ધારાસભામાં પસાર કરી દીધું. આશ્ચર્યની વાત એ છે કે આદિવાસી વિસ્તારમાં લાગુ પાડવામાં આવનાર આ કાયદામાં ન તો આદિવાસી શબ્દનો ઉલ્લેખ છે, ન પાંચમી અનુસૂચિનો કે ન PESA કાયદાનો. આ બાબત શું બંધારણની વિરુદ્ધની નથી?

આ કાયદો જોતાં લાગે છે કે આજે તો આ વિસ્તારની ભૌગોલિક 'સૂરત' બદલાઈ છે પરંતુ સમય જતાં આ આખોયે પ્રદેશ નર્મદાકાંઠે વસતા મૂળ નિવાસીઓના પ્રદેશને બદલે પ્રવાસન માટેનું સ્થળ માત્ર બની રહેશે. આજે જ્યાં સ્થાનિક લોકો માટે પ્રાથમિક સુવિધાઓનો અભાવ છે ત્યાં સહેલાણીઓ માટે અનન્ય એવી 'ફાઈવસ્ટાર' સુવિધાઓ વિકસાવા જઈ રહી છે. સરકાર કાયદાઓ બદલી રહી છે, જેના મત લઈને ખુરશી પર બેઠી છે તે આદિવાસીઓના હક્કો છીનવી રહી છે, તેમની શાંતિપૂર્ણ રજૂઆત સાંભળવાનો ઈન્કાર કરી રહી છે, એટલું જ નહીં; તેમના ઉપર દમન-હિંસા કરતા પણ અચકાતી નથી. આ છે આપણી લોકશાહી!

કેવડિયાની આસપાસનો વિસ્તાર 'પ્રવાસન વિસ્તાર વિકાસ' ક્ષેત્ર કહેવાશે અને સરકાર પોતાની મરજી મુજબ આ વિસ્તારને વધારી અથવા ઘટાડી શકશે. એટલું જ નહીં, એસઓયુ પ્રાધિકરણની મંજૂરી વગર કોઈ પણ જમીન પર કોઈ ફેરફાર કે ઘરનું બાંધકામ નહીં કરી શકાય. [સેક્શન ૧૧(૧)] વિકાસ યોજનાની જોગવાઈઓનું ઉલ્લંઘન કરી જમીન અથવા મકાનનો ઉપયોગ અથવા કામ કરવાનું ચાલુ રાખનાર કોઈપણ વ્યક્તિને પચાસ હજાર રૂપિયા સુધીનો દંડ થશે [સેક્શન ૧૯(૨)]. એટલે શું અહીંનાં ગામોનો મૂળનિવાસી અતિક્રમણકારી ગણાશે? 'જાહેર હિત'નો અર્થ શું? પ્રાથમિકતા સ્થાનિક આદિવાસીઓના જાહેર હિતને કે બહારથી આવતા પૈસા ફેંકનારા સહેલાણીઓ માટે સુવિધાઓ ઊભી કરવાના પ્રોજેક્ટને? સેક્શન ૨૪(૨) પ્રમાણે 'એસઓયુ વિસ્તાર અને પ્રવાસન વિકાસ ઓથોરિટીના અધિક્ષકની પોલીસ ઉપર દેખરેખ રાખવાની સત્તા રહેશે.' અને સેક્શન ૨૬ મુજબ 'કોઈપણ કાયદો, કરાર અથવા કોઈ પણ હુકમ, ચુકાદો અથવા અદાલતનો હુકમ હોય તેમ છતાં કોઈ પણ વ્યક્તિ, સંગઠન, પેઢી, અન્ય કોઈ પણ સંસ્થા પર્યટન વિસ્તારની અંદર કોઈ પણ પ્રકારનો ઉપદ્રવ પેદા કરી શકશે નહીં.'

ઉપદ્રવની વળી વ્યાખ્યા પણ આ ખરડામાં કરવામાં આવી છે. અને ચોખ્ખું લખવામાં આવ્યું છે કે 'ઓથોરિટીના મતે નુકસાન થયું છે, અથવા નુકસાન થવાની સંભાવના છે અથવા પર્યટન વિકાસ ક્ષેત્રની પર્યટન સંભાવનાને ખરાબ અસર પહોંચાડે છે, તો આ અંગે ઓથોરિટી યોગ્ય લાગે તેવા વચગાળાના ઓર્ડર પસાર કરી શકે છે. [૨૭(૧)] આગળ સેક્શન ૨૯(૧) પ્રમાણે 'કોઈ પણ વ્યક્તિ પ્રવાસન સ્થળ પર ભીખ માગવા અથવા અનધિકૃત રીતે લારી-ગલ્લા દ્વારા વેચાણ કરતા જણાશે તો તેની વિરુદ્ધ પગલાં લેવામાં આવશે.' સેક્શન ૩૧(૧) મુજબ 'રાજ્ય સરકાર, ભારતના બંધારણની કલમ ૨૪૩Q ના અનુચ્છેદ-૧ની જોગવાઈને ધ્યાનમાં રાખીને, પર્યટન વિકાસ ક્ષેત્રને ઔદ્યોગિક વસાહત ગણાવી શકે છે, અને સૂચના દ્વારા, પ્રવાસન વિકાસ વિસ્તારને એક નોટીફાઈડ ક્ષેત્ર તરીકે જાહેર કરી શકે છે.' આટલું ઓછું હોય તેમ કાયદામાં કહેવાયું છે કે 'રાજ્ય સરકાર અથવા કોઈપણ સરકારી એજન્સી દ્વારા પ્રવાસન વિકાસ વિસ્તારમાં હસ્તગત કરેલી કોઈપણ જમીન પર, કોઈ પણ વ્યક્તિનો કોઈ હક-દાવો રહેશે નહીં.'

બહુ સ્પષ્ટ છે કે આ ખરડો જો કાયદો બને તો તેનાં ખૂબ ગંભીર પરિણામો સ્થાનિક આદિવાસી ભાઈ-બહેનોની જિંદગી પર આવે. આ ખરડાથી વિસ્તારની સ્થાનિક સ્વ-શાસનની સંસ્થાઓનો અંત આવી જવાનો, લોકશાહી અને અન્ય કાયદાઓ ઉપર પણ મોટાં પ્રશ્નાર્થ ચિહ્નો ઊભાં થાય છે. આ કાયદાથી તો જરૂર પડ્યે ખેતીથી પણ પ્રવાસનને નુકસાન થાય છે તેવું ઠરાવી શકાશે, લારી-ગલ્લા પર પણ પ્રતિબંધ - લોકો રોજગારી કેવી રીતે મેળવશે? જીવનનિર્વાહ કેવી રીતે ચલાવશે? ભીખ માગવી પણ ગુનો બને છે. હકીકતમાં જંગલના રાજાને ખેડૂત બનાવ્યા, પછી લારી-ગલ્લા કરાવ્યા, હવે ભીખારી બનાવી રહ્યા છે ને તે પણ ગુનાહિત બનતાં જેલમાં ધકેલવાના!

પ્રતિમાક્ષેત્ર ઔદ્યોગિક ક્ષેત્ર બનતાં નોટિફાઈડ એરિયા બનશે એટલે કે લોકશાહીને રામરામ કરી દેવાના. જમીન અધિગ્રહણ અને પુનર્વસન કાયદા મુજબના વળતરની પારદર્શિતાને પણ નાબૂદ કરવાનો પ્રયાસ આ ખરડામાં થઈ રહ્યો છે. ૧૯૧૯માં અંગ્રેજો રોલેટ એક્ટ લાવેલા, જેને સ્વાતંત્ર્યની લડતે 'કાળો કાયદો' એવું નામ આપેલું. સ્ટેચ્યુ ઑફ યુનિટી વિસ્તાર માટે પસાર થયેલ આ ખરડો પણ બધી રીતે કાળો કાયદો છે એવું આ વિસ્તારનાં આદિવાસી ભાઈ-બહેનોનું માનવું છે. જ્યારથી આ ખરડાના સમાચાર આવ્યા

ત્યારથી સૌની ઊંઘ વેરણ બની છે. બહેનોએ આ વખતે એક અનોખો સત્યાગ્રહ આ કાયદા વિરુદ્ધ શરૂ કર્યો. આ મહિનાની પૂનમ (૧૨મી ડિસેમ્બર ૨૦૧૯)ના દિવસથી ૭૨ ગામોમાંથી પગપાળા, વાહન મારફતે નર્મદાના બંને કિનારે જઈને આ કાયદાના કાગળીયાને નર્મદામાં ડુબાડે છે ને શાંતિપૂર્વક ભજન કરે છે, આ વિસ્તારમાં શાંતિ જાળવી રાખવાની પ્રતિજ્ઞા નર્મદાનાં નીર હાથમાં રાખીને લે છે ને પોત-પોતાના ગામ પાછા ફરે છે. બહેનો છે, માતાઓ છે, ઘર - બાર - ખેતી - ઢોર ઢાંખર લઈને બેઠેલી છે. સવારના ચાર વાગે ઊઠીને કામો પતાવે છે ને વળી પાછી સત્યાગ્રહ માટે આવી જાય છે. બરાબર એક મહિના સુધી એટલે કે પોષી પૂર્ણિમા ૧૦ જાન્યુઆરી, ૨૦૨૦ સુધી આ ક્રમ ચાલ્યો. દરમિયાન બહેનોએ ગામેગામ યાત્રાઓ કરી અને શાંતિનો સંદેશો ઘેર ઘેર પહોંચાડ્યો. ૯ અને ૧૦ જાન્યુઆરીના રોજ કેવડિયાના મહાદેવ મંદિરે સમસ્ત બોત્તેર ગામના ગ્રામજનો તરફથી શાંતિહોમનું આયોજન કરવામાં આવ્યું.

૯મી તારીખની સવારે મંદિરમાં આરતી કરીને બહેનોએ પગપાળા નર્મદાની પરિક્રમા કરી. કેવડિયાથી નીકળીને ગોરા-નાના મોટા પીપરીયા- વસંતપુરા - અખતેશ્વર - ગરુડેશ્વર થઈને કેવડિયા મંદિરે પાછા ફર્યા. ગામેગામથી આવેલી બહેનોનો ઉત્સાહથી ભરેલો મહેરામણ જોઈને હર્ષાશ્રુ આવતાં હતાં. નાનાં બાળકોને લઈને ચાલતી જુવાન બહેનોથી લઈને ડોસીમાઓ અત્યંત શાંતિથી, માતા નર્મદાના ભજન સાથે જોડાતી ગઈ. મંદિર ઉપર ટૂંકી સભાનું આયોજન થયું જેમાં આ વિસ્તાર, આદિવાસી સંસ્કૃતિ, જંગલ-નદીનું મહત્ત્વ તેમજ તેને જાળવી રાખવાની વાત મુખ્યત્વે સૌએ કરી. ત્યારબાદ આ હેતુ માટે આયોજિત શાંતિનો યજ્ઞ કરવામાં આવ્યો અને ભોજન કરીને સહુ વિખેરાયાં.

દસમી જાન્યુઆરીએ ગુજરાતભરમાંથી આ કાળા કાયદાનો વિરોધ કરવા તેમજ શાંતિયજ્ઞમાં ભાગ લેવા કાર્યકરો, આગેવાનો આવ્યા હતા. ૭૨ ગામના પ્રતિનિધિઓ, બહેનો-ભાઈઓ ઉપરાંત બદ્રીભાઈ જોશી, રજનીભાઈ દવે, પૂર્વમંત્રી શ્રી પ્રવીણસિંહ જાડેજા, સત્તાપક્ષના સંસદ સભ્ય મનસુખ વસાવા, પ્રફુલ્લભાઈ વસાવા, ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી વગેરે અનેક આગેવાનોએ કાળો કાયદો રદ કરવાની વાતને પોતાનો ટેકો જાહેર કર્યો. સભામાં ૬૪ વક્તાઓએ પોતાની રજૂઆત કરી એ બધું તો અહીં સમાવી ન શકાય પરંતુ આ આખાયે આંદોલનના પ્રાણસમા લખનભાઈએ જે વાત મૂકી તે ટૂંકાવીને અહીં આપી છે :

‘‘મારે બે જ વાત કહેવી છે. એક તો સંગઠન થવું જોઈએ. દરેક વ્યક્તિ સમાજ માટે કમસે કમ દરરોજ અડધો કલાક, અઠવાડિયે અડધો દિવસ, મહિનામાં એક દિવસ આપે. આજે હવે જો આ વિસ્તારને બચાવવો હોય તો આટલું કરવું પડશે. બહેનો તો કરી જ રહી છે. ભાઈઓને અપીલ છે, જેટલો સમય તમે વ્યસનમાં બગાડો છો તેટલો સમય પણ સમાજને આપશો તો કાફી છે. ૭૨ ગામમાં લગભગ વીસ હજાર યુવાનો પડિકી ખાય છે. રોજની એક લાખ રૂપિયાની પડિકી એટલે કે વર્ષે ૩ કરોડ ૬૫ લાખની પડિકી... આટલો સમય અને પૈસા સમાજના કામ માટે વપરાય તો...

અહીં આવેલા સૌ મહેમાનોને અપીલ છે કે તમે અહીં જ રહી જાઓ, સમય આપો, તો અમે જાગીશું. જો આપણે બધા ભેળા મળીશું તો આ કાયદો જેમ એક મહિનો નર્મદામાં ડુબાડ્યો તેમ ડૂબેલો જ રહેવાનો છે. આ બહેનોએ આ કાળા કાયદાને બંને કિનારે અહીંના મંદિરમાં (કેવડિયા મહાદેવ મંદિર) અને સામે કિનારે પીપળેશ્વર મહાદેવમાં પૂજા કરી એક મહિનો સતત આ કાયદો ડુબાડી રાખ્યો છે ને હવે પછી પણ એ ડૂબતો રહેવાનો છે એટલું સમજી લેજો.

બીજી વાત એ છે કે અમારા સમાજે ગુજરાતના પાણી માટે, ગુજરાતની હરિયાળી માટે જે માંગે તે બધું જ આપી દીધું. ૧૯ ગામ ડુબાડ્યાં. સમાજ વેરવિખેર કરી નાંખ્યો. દીકરીને ડોડા (મકાઈ) ખવડાવવા જવા માટે પણ ક્યારેક પૈસા નથી હોતા તો મરણ વખતે લાકડું નાખવા જ્યાં દૂર ફેંકી દીધા ત્યાંથી નર્મદાએ આવવું પડે છે. તમે અમારી વેદના તો સમજો. અમારી પાસે હવે વધારાની જમીન બાકી રહી નથી (બહેનો એકી અવાજે બીજી જમીન હવે નથી... એ વાત વધાવી લે છે.) એટલે હવે અમે જ્યાં છીએ ત્યાં અમને શાંતિથી મહેનતનો રોટલો ખાવા દો. અમે મહેનત કરીને જીવનારા, શાંતિપ્રિય લોકો છીએ. જે કાયદો તમે લાવવા માગો છો તેનાથી તો અહીંની રહી-સહી શાંતિ અને સંસ્કૃતિ પણ નષ્ટ થઈ જશે. માટે હવે અમે આ કાયદો કોઈ પણ રીતે સ્વીકારી શકીએ તેમ નથી.

અમારે કોઈની સાથે વિરોધ નથી. કોઈ પક્ષ સાથે લેવા દેવા નથી. કે મત લેવાનો નથી. આ આંદોલનને એવા યુવાનો જોઈએ છે જે કોઈ દિવસ મત માગવા જવાના નથી. બહેનો સાથે યુવાનો અને ભાઈઓની શક્તિ ભળે - સહુ ભેગા મળીને આપણા આ કામને પાર ઉતારીએ એવી આશા છે.’’ ત્યારબાદ તણછાના શાંતિગ્રામ નિર્માણ મંડળના વડીલ તેમજ આંદોલનના અનુભવી એવા બદ્રીભાઈએ કહ્યું કે સત્ય આપણી સાથે છે. સત્ય આપણે પક્ષે છે અને તેથી હું માનું છું કે આજે નહીં ને કાલે જીત આપણી થશે જ. સાથે સાથે સૌને હાથમાં માટી આપવામાં આવી અને એકત્રિત બે હજાર ઉપરના માનવ મહેરામણને નીચે મુજબની પ્રતિજ્ઞા લેવડાવી.

‘‘આજે તારીખ ૧૦-૧-૨૦૨૦ શુક્રવારના રોજ ગરુડેશ્વર તાલુકાનાં ૭૨ ગામના ગ્રામજનો આ ધર્મસભા-બંધારણસભા - ગ્રામસભામાં એકત્ર થઈને સમસ્ત સમાજ તથા ભારતની જનતાને જણાવવા માગીએ છીએ કે અમે મૂળનિવાસી,

***(અનુસંધાન પાના નં.૮ પર)***

# રાસાયણિક ખાતર : મોતનો વરસાદ

(ગતાંકથી ચાલુ)

**મોરારજીભાઈને એવા કરાર કેમ કરવા પડયા ?**

ઈ.સ. ૧૯૬૮માં શ્રી મોરારજી દેસાઈએ તેમના ગુજરાતના પ્રવાસ દરમિયાન જણાવ્યું હતું કે તેઓ જ્યારે નાના હતા અને ટ્રેક્ટર કે ફર્ટિલાઇઝરનું નામ પણ નહોતું સાંભળ્યું ત્યારે તેઓ એક એકરે ૯૦૦૦ પાઉન્ડ (આશરે ૪૪૧૦ કિલો) ડાંગરનો પાક છાણિયા ખાતરની મદદ વડે લેતા હતા. જે ફર્ટિલાઇઝર વાપરતા કોઈ પણ દેશના પાકથી ઘણો વધારે હતો. માત્ર ૫૦ વરસમાં દેશનું અન્ન ઉત્પાદન એકર દીઠ ૮૭૦ કિલો જેટલું નીચું કેમ પડી ગયું ? એક જ, કારણકે ગૌહત્યાની નીતિને કારણે ખેડ માટે બળદોની અને ખાતર માટે છાણની તીવ્ર અછત. આ અછત દૂર કરવા સંપૂર્ણ પશુહત્યાબંધી કરવાને બદલે કોઈ અકળ કારણોએ શ્રી મોરારજીભાઈએ ગુજરાતથી દિલ્હી પહોંચીને દર વરસે બેથી અઢી અબજ રૂપિયાનું ફર્ટિલાઈઝર અમેરિકાથી આયાત કરવાના કરાર કરી નાખ્યા. આ કરારો જેટલા આશ્ચર્ય જન્માવનારા છે તેટલા જ તેમાં કોઈ દેશી-વિદેશી હિતો મોટો ભાગ ભજવી ગયાં હોય એવી શંકા જન્માવનારા પણ છે. એવું પણ કહેવાય છે કે વિશ્વબૅન્ક દ્વારા ભારતને અપાયેલ ઋણની સાથે દેશમાં રાસાયણિક ખાતરના વપરાશને વધારવાની અનિવાર્ય શરત પણ જોડાયેલ છે.

**તેલન ખેરી ફાર્મના પ્રયોગો શું બતાવે છે ?**

માત્ર છાણિયાં ખાતરનો જ ઉપયોગ કરીને ઉત્તરોત્તર દર વરસે વધુ પાક લેવાનો સફળ અખતરો સરકારના તેલન ખેરી ફાર્મ ઉપર પશુઓ રાખીને કરવામાં આવ્યો હતો, જેનાં પરિણામો નીચે આપ્યાં છે, પરંતુ આ પરિણામોમાં આંકડા ફાઈલે ચડાવીને ફર્ટિલાઇઝરની આયાત, તેના ઉત્પાદન અને પ્રચાર માટે યુદ્ધના ધોરણે કામ લઈને પોતાના ખૂબ જ ખોટા અને અનાર્થિક કૃત્યને વાજબી ઠરાવવાનો પ્રયત્ન આજે પણ ચાલુ છે.

| વરસ | ઘાસનું ઉત્પાદન (મણમાં) | અનાજનો ઉતાર (મણમાં) |
|---|---|---|
| ૧૯૩૨-'૩૩ | ૧૨૫૯૫ | ૨૧૯ |
| ૧૯૩૩-'૩૪ | ૧૨૬૨૪ | ૫૦૬ |
| ૧૯૩૪-'૩૫ | ૧૮૨૦૨ | ૩૫૦ |
| ૧૯૩૫-'૩૬ | ૧૫૧૪૩ | ૫૨૯ |
| ૧૯૩૬-'૩૭ | ૧૮૨૭૨ | ૬૨૪ |
| ૧૯૩૭-'૩૮ | ૧૯૦૨૪ | ૪૩૩ |
| ૧૯૩૮-'૩૯ | ૧૯૪૭૩ | ૬૧૦ |

*(આધાર : રિપોર્ટ ઑફ ઇન્ડસ્ટ્રિયલ સર્વે કમિટી, વૉલ્યુમ બીજું.)*

છાણિયા ખાતર વડે તેલન ખેરી ફાર્મ ઉપર લેવાયેલા પાકના આંકડા દેખાડે છે કે ફર્ટિલાઇઝરની મદદ વિના માત્ર છાણિયાં ખાતર વડે ફર્ટિલાઇઝરની મદદ વડે મળતા પાક કરતાં ઘણો વધારે પાક લઈ શકાય છે તેમ જ ઉત્પાદન ખર્ચ પણ ઘણો જ ઓછો આવે છે.

**નિષ્ણાતોના અભિપ્રાય :** ફર્ટિલાઇઝર ખેતી માટે ખરેખર જ જરૂરનું છે કે માત્ર શોષણ કરવાનું એક પ્રબળ સાધન છે તે જાણવા મેં સરકારી કૃષિ સંશોધન ખાતાને, ભૂમિ વિજ્ઞાનના એક નિષ્ણાતને અને કૃષિ વિદ્યાપીઠના એક અધિકારીને સવાલો પૂછ્યા હતા, જેના જવાબો મને નીચે મુજબ મળ્યા હતા.

"જમીનમાં છાણિયું ખાતર કે કૉમ્પોસ્ટ (છાણ, પાંદડાં અને ઘાસ વગેરેના મિશ્રણથી બનેલું ખાતર) નાખ્યા વિના એકલું ફર્ટિલાઇઝર નાખીને ખેતી કરવી સલાહ ભરેલી નથી, કારણકે તેમ કરવાથી જમીનની ફળદ્રુપતા નાશ પામે છે."

"ફર્ટિલાઇઝરનો ઉપયોગ કરવાથી છોડનાં મૂળ જમીનમાં વધુ ઊંડાં જાય છે અને તેથી જમીન સખત બની જાય છે."

"ખારી જમીનમાં અને રસકસહીન વેરાન બની ગયેલી જમીનમાં બહુ મોટા જથ્થામાં છાણિયું ખાતર નાખવું જોઈએ. વેરાન જમીનને સુધારવા માટે મોટા જથ્થામાં છાણિયું ખાતર નાખવું એ એક જ ઉત્તમ ઉપાય છે."

"જો વધુ પ્રમાણમાં પાક લેવો હોય તો દર એકરે ૬૦ ટન છાણિયું ખાતર નાખવું જોઈએ. જો એટલા પ્રમાણમાં ખાતર નાખવામાં ન આવે તો જમીન તેની ફળદ્રુપતા ગુમાવે છે, કારણકે ચરિયાણો અને જંગલોના નાશથી તેમ જ યોગ્ય ખેડાણ અને પૂરતા ખાતરના અભાવે જમીનનું ધોવાણ થયા કરે છે." (ખાતર નાખવાનું પ્રમાણ જમીન તેમ જ જે જાતનો પાક લેવો હોય તેની જાત ઉપર આધાર રાખે છે.)

એક તરફથી આપણે ખેડાણ નીચેની જમીનનો વિસ્તાર વધારતા જઈએ છીએ અને એ રીતે યોગ્ય ખેડાણ અને યોગ્ય ખાતર માટે બળદો અને છાણની જરૂર વધારતા જઈએ છીએ; બીજી તરફથી કતલ દ્વારા બળદોની અને ખાતરની ખેંચ વધારતા જઈએ છીએ. પરિણામે જમીન રસકસહીન થતી જાય છે.

**પૂર્વયોજિત કાવતરું હશે ? :** આ બધું જાણે કે પૂર્વયોજિત કાવતરું હોય એમ માનવાને કારણ મળે છે. પશુઓની કતલ દ્વારા ખાતરની ખેંચ ઊભી કરીને ફર્ટિલાઇઝર વાપરવાની ફરજ પાડવી, તેના ઉપયોગથી જમીન સખત બને અને બળદો તેને ખેડી ન શકે એટલે ટ્રેક્ટરો વાપરવાની જરૂર પડે. ફર્ટિલાઇઝર અને ટ્રેક્ટરોનો આધુનિક ખેતીના નામે સરકારી મદદથી જોરદાર પ્રચાર; ખેડૂતો તે વાપરવા લલચાય માટે તે બન્ને ચીજો ઉપર બૅન્કો દ્વારા ધિરાણની વ્યવસ્થા; પશુહત્યા દ્વારા બળદોની પણ ઇરાદાપૂર્વક ખેંચ પેદા કરીને અને તેમના ભાવ વધવા દઈને

સરકારી પ્રધાનો દ્વારા ટ્રેક્ટર ખરીદવા ખેડૂતોની સહકારી મંડળીઓ રચવા થતો પ્રચાર; ફર્ટિલાઇઝર વાપરો એટલે ખેતરમાં પાકનો નાશ કરનારી જીવાત અચૂક પડે છે. એટલે જીવાતનો નાશ કરવા જંતુનાશક દવાઓ છાંટવાની વ્યવસ્થા. આ બધું જાણે કે અમુક ચોક્કસ ઔદ્યોગિક એકમો અને આરબ રાજ્યોને ખટાવવાની સરકારી ચાલ હોય એમ નથી લાગતું ?

**કશું જ ડહાપણ નથી :** અભણ અને અણસમજુ ખેડૂતને પ્રચારના સપાટામાં લઈ તે ટ્રેક્ટર, ફર્ટિલાઇઝર, જંતુનાશક દવાઓ વાપરતો થાય માટે તેને લોન ધીરીને દેવાદાર બનાવવો, ઉપરની વસ્તુઓના ઉપયોગથી ખેતીનો ઉત્પાદન ખર્ચ વધારી અનાજ તેમ જ ઔદ્યોગિક ચીજોના ભાવ વધારવા, ગાયોની કતલ દ્વારા દૂધ, ઘીનો દુકાળ પેદા કરીને પરદેશી ડેરીઓને ભારતનાં દૂધ, ઘીનાં બજારો હાથ કરવાની સગવડ કરી આપવી, દેશમાં દૂધ, ઘીની અછત પેદા કરી અપોષણના રોગો ફેલાવી પરદેશી સહકારમાં ચાલતી ફાર્મસીઓને લોકોનું શોષણ કરવાની તક આપવી. સમગ્ર પ્રજાને મોંઘવારી, અછત, અપોષણનાં દરદો અને માનસિક તેમ જ આર્થિક તાણમાં ભીંસાવા દેવી, આ બધું જાણે કે અમુક એક અતિશય નાના વર્ગના (જે કદાચ સમુદ્રમાંના જળબિંદુ જેટલો જ નાનો હશે) અને પરદેશીઓના હિતમાં બની રહ્યું હોય એમ લોકો માનતા થાય તો તેમાં તેઓ સાચા હશે. આવાં પ્રજાદ્રોહી કાર્યો કરવા પાછળ કોઈ જ જાતનું આર્થિક કે વૈજ્ઞાનિક ડહાપણ સરકાર પક્ષે હોય એ માની શકાતું નથી.

**ફર્ટિલાઇઝરના ઉપયોગના પ્રત્યાઘાતો :** હવે આપણે ફરીથી ફર્ટિલાઇઝર વાપરવાના નવા પ્રત્યાઘાતો તપાસીએ. જ્યારે જમીનનું વધુપડતું શોષણ થાય છે અને જે રસકસ તેમાંથી ચૂસી લેવામાં આવે છે તેના પ્રમાણમાં તેને છાણિયાં ખાતરરૂપી પોષણ મળતું નથી, ત્યારે તેમાં ઉગાડેલાં અનાજ, ઘાસચારો, શાકભાજી, ફળફૂલ વગેરે તેમનું સત્ત્વ એટલે કે તેમની પોષકશક્તિ, સ્વાદ અને સુગંધ બધું ગુમાવે છે.આવો સત્ત્વહીન ખોરાક જે મનુષ્યો, પશુઓ અને પક્ષીઓ ખાય છે, તેઓ પેઢી દર પેઢી નબળાં પડતાં જાય છે. જે હિંસક પશુઓ આવા નબળાં પડી ગયેલાં પશુઓ જેવાં કે હરણાં, નીલગાય, સાબર, ઘેટાં, બકરાં કે ગાય, ભેંસ મારીને તેમનાં માંસ ઉપર જીવે છે તેઓ પણ નબળાં પડે છે, કારણકે પેલા વનસ્પત્યહારી પશુઓ સત્ત્વહીન અનાજ કે ઘાસ ખાઈને જીવતાં હોવાથી તેમના માંસમાં પણ પૂરું પોષણ આપવાની શક્તિ હોતી નથી. સત્ત્વહીન રેઢિયાળ અનાજ અને ઘાસચારો ખાઈને મનુષ્યો, પશુઓ, શક્તિ, સ્વાસ્થ્ય અને રોગો સામે પ્રતિકાર કરવાની શક્તિ ગુમાવે છે. તેથી ધીમે ધીમે પશુસૃષ્ટિનો નાશ થતો જાય છે.જંગલોનું અને ચરિયાણોનું નિકંદન, જળાશયોનું નિકંદન, જમીનની ફળદ્રુપતા નાશ પામવી વગેરે કારણોથી આ કરોડો પશુઓ ખોરાક, પાણી અને રહેઠાણો વિના નાશ પામ્યાં. તેમના નાશનું કારણ દૂર કરવાને બદલે ''ખાતર ઉપર દીવો'' કહેવત પ્રમાણે કરોડો રૂપિયાને ખર્ચે તેમના માટે અભયારણ્ય શરૂ કરવામાં આવે છે. આવાં અભ્યારણ્યો ઊભાં કરવા પાછળ આર્થિક, વૈજ્ઞાનિક કે સામાન્ય બુદ્ધિનો પણ અંશ નથી. આ તમામ હિંસક અને અહિંસક પશુ-પક્ષીઓને બચાવી લેવા હોય તો સંપૂર્ણ પશુહત્યા બંધ કરી નાશ પામી ચૂકેલાં અથવા ઇરાદાપૂર્વક નાશ કરાયેલાં જંગલો, ચરિયાણો અને જળાશયોને ફરીથી પુનર્જીવન આપવું જોઈએ.

**શક્તિ ઘટી રહી છે :** આપણી ગાયો દિન-પ્રતિદિન દૂધ આપવાની શક્તિ ગુમાવી રહી છે. બળદો શ્રમશક્તિ ગુમાવી રહ્યા છે. અકબરના જમાનામાં ગાયો રોજ ૬૪ શેર (૬૪ લિટર) દૂધ આપતી અને બળદો રોજ ૧૨૦ માઈલ બોજો ખેંચી જતા. ૫૦ વરસ પહેલાં ૬૦ માઈલ ચાલનારા બળદો અને રોજ ૩૦ શેર (૩૦ લિટર) દૂધ આપનારી ગાયો અપવાદરૂપે મળી આવતી. આજે હવે રોજ ૨૦ માઈલ મજલ કાપીને બળદ થાકી જાય છે. આમ થવાના કારણોમાં જમીનમાં રસકસ ખૂટ્યા છે એ મુખ્ય કારણ છે. જમીનમાં રસકસ ઘટવાનાં કારણો છે ગોહત્યા અને વનવિનાશ, ચરિયાણોના નિકંદનની નીતિ. આ બધું અજાણતાં બન્યું નથી. પૂર્વયોજિત કાવતરાંનાં આ પરિણામો છે.

**છાણિયાં ખાતરનું ઉત્પાદન વધારો :** જમીનને યોગ્ય અને પૂરતું પોષણ અને રક્ષણ આપવું જોઈએ, એ વિશ્વમાન્ય હકીકત છે અને છાણિયું ખાતર એ જ શ્રેષ્ઠ પોષણ છે. એ ભારત તેમજ વિશ્વભરના કૃષિ નિષ્ણાતો કબૂલ કરે છે. છતાં એ એક આશ્ચર્યજનક હકીકત છે કે એક પણ આયોજન પંચે કે એક પણ રાજ્યના કૃષિ ખાતાએ છાણિયાં ખાતરનું ઉત્પાદન વધારવાની વિચારણા સરખી પણ કરી હોય.

**ફર્ટિલાઇઝરનો ઉપયોગ અનાર્થિક અને અવહેવારુ છે**

**હવે ફર્ટિલાઇઝરના આર્થિક અને વ્યવહારુ પાસાં તપાસીએ-**

ઇન્ડિયા ૧૯૯૯માં જણાવ્યા મુજબ દેશમાં ૧૪.૨૮ કરોડ હેક્ટર જમીનમાં ખેતી થાય છે. આ ૧૪.૨૮ કરોડ હેક્ટર જમીનમાંથી ૯.૨૬ કરોડ હેક્ટર જમીનમાં સૂકી અથવા વરસાદ આધારિત ખેતી થાય છે. અર્થાત્ બાકીની માત્ર ૫.૦૨ કરોડ હેક્ટરમાં સિંચાઈની સગવડ છે. સિંચાઈની સગવડ વિનાની અને માત્ર ચોમાસાના વરસાદ ઉપર જ આધાર રાખતી બાકીની જમીન ઉપર ફર્ટિલાઇઝર વાપરવામાં જોખમ છે, કારણકે તે વાપર્યા પછી પાકને પાણી વધારે પ્રમાણમાં જોઈએ અને અમુક ચોક્કસ સમયના અંતરે જ જોઈએ. જો પૂરતું પાણી ચોક્કસ નિર્ધારિત સમયે ન મળે તો પાક બળી જાય. સિંચાઈની સગવડ વિનાની જમીન માટે છાણિયાં ખાતરનો ઉપયોગ જ વહેવારુ અને આર્થિક રીતે યોગ્ય છે. છતાં તેનું ઉત્પાદન વધારવા માટે છેલ્લાં ૫૦ વરસમાં કશો જ પ્રયત્ન કરવામાં નથી આવ્યો. ઊલટું પશુઓની બેફામ કતલ દ્વારા તેનું ઉત્પાદન ઘટાડવાનાં આયોજનો કરવામાં આવ્યાં છે. બીજી બાજુ ૫.૦૨ કરોડ હેક્ટરમાં સિંચાઈની સગવડ પૂરી પાડવા આઠમી પંચવર્ષીય યોજનાના અંત સુધી લગભગ ૬૧,૪૦૨ કરોડ રૂપિયા વેડફી દેવામાં આવ્યા છે. **(ક્રમશઃ)**

**-સ્વ. વેણીશંકર મુરારજી વાસુ**

Registration No. with Registrar of Newspapers - MAHGUJ/2003/10411
Postal Registration No. MNW/08/2018-20
Published on 1st of every month
Date of Posting : 7th & 8th of every month

WPP License No - MR/Tech/WPP-34/NW/2018-20
License to post without prepayment
To be Posted at Mumbai Patrika Channel sorting office
Mumbai 400001

## રેવા, રેવા, રેવા ઓ માતા ! નમો નર્મદા રેવા

(પાના નં.૫થી ચાલુ)

પ્રકૃતિપૂજક, ખેતીમાં મહેનત કરીને જીવનારા લોકો છીએ. અમારા સમાજે આજના કહેવાતા વિકાસ માટે વારંવાર પોતાની જમીનનો ભોગ આપવો પડ્યો છે. પોતાની માતૃભૂમિને છોડીને જીવવું એના જેવું દુઃખ બીજું કોઈ નથી. અમારા વિસ્તારમાં બાંધવામાં આવેલા નર્મદા બંધથી લઈને બીજા પ્રોજેક્ટો માટે અમે અમારી જમીનો આપી છે. અને કહેવાતા વિકાસ માટે અમે ઘણો ભોગ આપ્યો છે. પરંતુ હવે અમે કોઈ જમીન આપવાના નથી. સાથે સાથે સ્ટેચ્યુ ઑફ યુનિટી વિસ્તાર અને પ્રવાસન નિયમન વિધેયકને પણ અમે સ્વીકારતા નથી, આ વિધેયક તાત્કાલિક ધોરણે રદ કરવામાં આવે એવું આ સભા અત્રે ઠરાવે છે.''

આદિવાસીઓને એક બાજુ મૂળનિવાસી કહેવાય છે પણ સ્થળાંતરિત થવાનો વારો હંમેશા તેમનો જ આવે છે. આમ તો તેમને માટે 'અનામત'ની જોગવાઈ છે પરંતુ તેઓ સતત વિસ્થાપિત થતા રહે છે. વિકાસ યોજનાના ટાર્ગેટમાં લાભાર્થી તરીકેનો સૌથી મોટો દાવો આદિવાસી અને દલિત અંગેનો કરવામાં આવે છે. અને વાસ્તવિકતા એ છે કે વિવિધ સ્વરૂપે હિંસાના ભોગ આ લોકો જ બને છે. સરકાર ગમે તેવા દાવા કરે; ભૂખમરો, કુપોષણના આંકડાઓમાં દલિત-આદિવાસી જ મોખરે હોય છે.

ક્યાં સુધી જુદા જુદા વાઘા પહેરાવીને આદિવાસીઓનું શોષણ થતું રહેશે ? ક્યારેક માઇનીંગ માટે તો ક્યારેક હાઈવે બાંધવા, ક્યારેક અણુમથક બાંધવા તો ક્યારેક બંધ બાંધવા અને વળી હવે તો કોઈ લાજશરમ વગર સહેલાણીઓની 'મોજ-મસ્તી' માટે લોકોની રોજી-રોટી-સંસ્કૃતિ - સામાજિક તાણાવાણા - જિંદગી બધું જ ભરખી લેતાં રૂંવાડુંયે નથી હાલતું ! કંઈ ખોટું થઈ રહ્યું છે તેવું કોઈને જ નથી લાગતું ?! ખરેખર ?

સૌને આમંત્રણ છે, આવો, આ મારી બહેનોના હાથે બનાવેલા સ્વાદિષ્ટ રોટલા ને ભાજી ખાવા, તેઓ તમને પ્રેમથી ખવડાવશે. એમની જિંદગીને સમજવા, એમની વ્યથા જાણવા સૌને આમંત્રણ છે. સ્ટેચ્યુ અને તેની કૃત્રિમ ઝાકઝમાળ જોવાને બદલે એક વાર આ વિસ્તારને સમજવા, તેના કુદરતી સૌંદર્યને માણવા આવો મિત્રો !

**- સ્વાતિ**

**(સાભાર : ભૂમિપુત્ર, તા.૧-૦૨-૨૦૨૦)**

પ્રતિ,

Printed and Published by **ATUL HARSUKHLAL SHAH** on behalf of **Viniyog Parivar Trust**, Printed at **RAJUL ARTS**, DR DAMJI COMPOUND, BEHIND BUS STOP NO. 379, GHATKOPAR (EAST), MUMBAI 400 077, and published from **VINIYOG PARIVAR TRUST**, B-2,104, VAIBHAV, JAMBLI GALI, BORIVALI (WEST), MUMBAI 400 092. Tel.: 28980749 Email : vinyogparivar@gmail.com - Editor : **Sanjay Gandhi**